Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાસ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧—જેઠ. અંક ૧૧ મો.

## પ્રભુ પ્રાર્થના.

### શાર્દૂલ વિક્રીડિત.

મારેછે મરકી બની જગતને કાલ પ્રતાપી અરે
લુંટે ભારત રત્નખાણ[1] નરની કેવી ખરાબી કરે;
આપો આશ્રય આદિનાથ અમને સદ્ધર્મ છાયાકરી,
પ્રક્ષાલો[2] પ્રભુ કર્મપંક[3] સઘલા એ પ્રાર્થના આદરી. ૧
ચોરે ચાર કષાય ચોર મલીને શ્રીધર્મ ભંડારને,
લુંટે નિર્લજ કામ શીલ ધનને આપી મહામારને;
ઇર્ષ્યા અંધ કરી ભવભ્રમણમાં પાડે કરે કષ્ટ તે,
આપો પૂર્ણ સહાય નાથ અમને થાયે બધુ નષ્ટ તે. ૨
લાગ્યો ઘોર કુસંપ[4] અગ્નિ સઘલે જવાલે મહાદાહથી,

૧ ભરતખંડના નરરત્નની ખાણ. ૨ ધોવો. ૩ કર્મરૂપ કાદવ. ૪ કુસંપરૂપ અગ્નિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિશ્ચે તે જનઐકય[1] ભસ્મ કરશે થૈ ગર્વનો સારથિ[2];
ઠારો શાંતિ સુધાજલે સુરમણી[3] તે દાહને સઘરે,
વેગેથી જિનનાથ વાર કરજો થાશે પછી શું અરે. ૩
પ્રેરે પાપ[4] કુબુદ્ધિ સર્વ જનને તેથી નઠારૂં બને,
ધારીને છલતા રમે કપટમાં રહેતા અશુદ્ધે મને;
નિત્યે ક્લેશ કુટુંબમાં બહુ કરે ધર્મિત્વ[5] દૂરે કરે,
ઊદ્ધારો પ્રભુ આપનું શરણ છે આ કાલ કોપ્યો ખરે. ૪

## માલિની.

પ્રતિવરષ જનોમાં પ્લેગ સંહાર આવે,
અગણિત જનપાપો ભૂમિના કંપ લાવે;
જલનિધિ અતિ કોપે નિત્યમર્યાદ લોપે,
પ્રભુ શરણ કરો તે ધર્મના બીજ રોપે. ૫
અવપદયુત[6] આવ્યો સર્પિણી કાલ ભારે,
તદપિ જન હૃદેમાં ધર્મને નૈવ ધારે;
ભવિજન સહુ ચેતી ધર્મ બુદ્ધિ વધારો,
જિન ચરણ સરોજે[7] પૂર્ણ ભક્તિ પ્રસારો. ૬

---

# ચિંતામણી.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ટ ૨૧૨ થી શરૂ. )

---

૧ લોકોના એકતાને ભસ્મ કરશે. ૨ અગ્રેસર. ૩ હે દેવતામાં મણિસમાન પ્રભુ. ૪ પાપ લોકોમાં કુબુદ્ધિની પ્રેરણા કરે છે. ૫ ધર્મિપણું. ૬ અવસર્પિણી કાલ. ૭ કમલમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્વી વિદ્યાશ્રીએ ત્રિકરણ શુદ્ધિથી મુનિ વિચાર વિજયને વંદના કરી પોતાના બંધુના ભવોદ્ધારક અને ઉપકારી મુનિ તરફ તેમણે હૃદયથી ભક્તિ ભાવ દર્શાવ્યો. વિદ્યાશ્રીને જોઈ મુનિ વિચારવિજય ક્ષણવાર વિચારમાં પડ્યા. છેવટે તેમના નિર્મલ હૃદયમાં નિશ્ચય થયો કે, આ સાધ્વી વિદ્યાશ્રીજ હશે. વલ્લભીપુરમાં તેમણે તેને બાલ્યવયથી જોયેલ, તેથી વિશેષ પરિચયને લઈ તેઓએ તત્કાલ સાધ્વીજીને ઓલખી લીધા.

મુનિવિચાર વિજય પોતાના ગુરૂ વિમલવિજયજીની સાથે ઘણીવાર વલ્લભીપુરમાં આવતા અને ત્યાંના શ્રદ્ધાલુ સંઘના આગ્રહથી તેઓના ઘણાં ચાતુર્માસ તે નગરમાં થયેલા હતા. વલ્લભીપુરના સંઘપતિ અને પરમ શ્રદ્ધાવાન્ શેઠ અમૃતચંદ્રનું બધુ કુટુંબ મુનિ ભક્ત હતું. જે કોઇ મુનિ મહારાજ આવે, તેમની વૈયાવચ્ચ કરવામાં તે આગલ ભાગ લેતું, આથી શેઠ અમૃતચંદ્રના કુટુંબમાં બાલકથી તે વૃદ્ધ સુધીના તમામને સાધુ સમાગમ વિશેષ થતો હતો. સાધ્વી વિદ્યાશ્રી જ્યારે જતનાને નામે બાલ્યવયમાં હતા, ત્યારે તે મુનિ વિચાર વિજયના જોવામાં આવેલ; તેથી આ મુનિરાજે તેમને તરતજ ઓલખી લીધા. વલી યતના એક વિદુષી સાધ્વી થયાછે, એવું તેઓ પોતાના વિહારમાં વારંવાર સાંભલતા હતા.

સાધ્વી વિદ્યાશ્રીએ પણ મુનિ વિચારવિજયને તરતજ જાણી લીધા હતા. તેમને વંદના પૂર્વક સુખશાતા પુછ્યા પછી અનગાર આનંદથી બોલ્યા. સાધ્વી તમે ક્યાંથી આવોછો, ક્ષેત્ર સ્પર્શના ક્યાં થવાની છે? અને તમારૂ નામ શું છે? સાધ્વીજીએ વિનયથી જણાવ્યું. ગુરૂમહારાજ હું ગુજરાત તરફથી આવું છું, ક્ષેત્ર સ્પર્શના હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિહારની ઈચ્છા સિદ્ધાચલજી તરફ છે અને મારૂં નામ ગુરૂમહારાજે વિદ્યાશ્રી રાખ્યું છે. વિશેષમાં જણાવવાનું કે આપના વૃદ્ધ ગુરુવર્ય મારા ઉપકારી છે. આ સાંભળી મુનિ વિચાર વિજયને વિશેષ નિશ્ચય થયો. સાધ્વી વિદ્યાશ્રીને જોઈ પોતાને આનંદ આવ્યો, અને તેઓએ હૃદયમાં ચિંતવ્યું કે, અહા! અમૃતચંદ્ર શેઠ કેવા પુણ્યવાન્! તેમની સંતતિએ માનવજીવનને કેવું સુધાર્યું? બંને ભ્રાતૃભગિની કેવી ઉત્તમ સ્થિતિમાં વર્તેછે? ગુરૂ શ્રીવિમલ વિજયજીનો ધર્મોપકાર કેવો બલવાન્ છે! ઉત્તમગુરૂના સહવાસનું ફલ કેવું શ્રેષ્ટછે? ક્ષણવાર પછી મુનિરાજે કહ્યું, સાધ્વી, તમને જોઇનેજ મને પૂર્વભાવનું સ્મરણ થયું હતું. તમારી ચારિત્રાવસ્થાની નિર્મલ કીર્તિ સાંભલી અમને ઘણો આનંદ આવેછે. તમે ચંદ્રવિજયને વંદના કરી હશે. એ મહાનુભાવની પૂર્વ સ્થિતિ તમારા જાણવામાં આવી કે નહીં? તે જાણવાથી તમારા જેવા સાધ્વી રત્નને વિશેષ આનંદ થશે. એ તમારા પૂર્વના સંસારી બંધુ ચિંતામણિ છે. તેઓએ વિદ્યા અને વિનય ગુણથી ચારિત્રને દીપાવ્યું છે. મુનિ ધર્મની મહાન્ કીર્તિના તે સ્તંભરૂપ છે તે પવિત્ર મુનિ મને એક પોતાના ઉપકારી માનેછે.

વિદ્યાશ્રી, વધારે શું કહેવું, પણ જ્યારે આવા ચારિત્ર ધારી અનગારો ભારત વર્ષમાં પ્રગટ થશે, ત્યારેજ આર્હત ધર્મનો ઉદ્યોત પ્રબલ થશે. અને મુનિધર્મની વિજય પતાકા સર્વ સ્થળે ફરકશે, હાલ અવસાર્પિણી કાલનો ભયંકર સમય પ્રવર્ત્તે છે. પ્રત્યેક સ્થાને ધર્મની નિર્મલ પ્રભા ઝાંખી થતી જાય છે. લોકોમાં દુરાગ્રહ રૂપ પ્રચંડ રાક્ષસ ધર્મનો પ્રલય કરવા ઉભો થયો છે. સ્થાને સ્થાને ઈર્ષ્યા અને કુસંપ વધતા જાય છે. એ દુર્ગુણોની માત્ર ગૃહસ્થો ઉપર સત્તા ચાલે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એટલું નથી પણ તેઓએ કેટલાક અજ્ઞાન મુનિઓમાં પણ પોતાની સત્તા આરોપિત કરવા માંડીછે. મુનિઓના પવિત્ર ચારિત્રને પણ તેઓએ દૂષિત કરવા માંડ્યા છે, વેષધારી યતિઓના પ્રબલને સંવેગની મહાસત્તાએ નિર્બળ કર્યું છે, તથાપિ એ સંવેગની નિર્મલતાને મલીન કરવાને ઉપરના દુર્ગુણોએ પોતાનો ભગીરથ પ્રયત્ન આદર્યો છે. આવા વિષમકાલના સમયમાં તમારા પૂર્વ બંધુ ચિંતામણિ ખરે ખરા ચારિત્ર ચિંતામણિ થયા છે. યતિધર્મના પૂર્ણ સ્વરૂપનું દ્રષ્ટાંત મુનિ વૈભવવિજય એકજ છે. અમે બંને ગુરૂ બંધુ છીએ, તથાપિ ગુરૂ વિમલ વિજયના ચારિત્રનો સંપૂર્ણ વારસો એ મહાનુભાવનેજ મલ્યોછે. તેઓ સર્વ રીતે તે પવિત્ર ગુરૂના ચારિત્ર વારસાના પાત્રછે.

મુનિ વિચારવિજયની આ મધુર વાણી સાંભલી સાધ્વી વિદ્યાશ્રીને આનંદ થયો અને પોતાના પૂર્વ બંધુના ચારિત્ર ગુણની પ્રશંસા રૂપ સુધાના સિંચનથી તે મહાસતી પોતાને કૃતાર્થ માનવા લાગ્યા. પછી મુનિ વિચાર વિજયને વંદના કરી મુનિ વૈભવવિજયની દેશના વાણી સાંભલવાની ઈચ્છા દર્શાવી થોડા દિવસ વર્દ્ધમાનપુરમાં રહેવાની અનુજ્ઞા માગી તેઓ હૃદયમાં ચારિત્ર ગુણની ભાવના ભાવતાં પોતાના ઉપાશ્રય પ્રત્યે વિદાય થયા.

# પ્રકરણ ૯ મું.

## મુનિ વૈભવવિજયનું પેહેલું વ્યાખ્યાન.

પ્રાતઃકાલનો સમય હતો, વર્દ્ધમાનપુરની જૈન પ્રજા ઉમંગથી ઉપાશ્રય તરફ આવતી હતી, મુનિ ચંદ્રવિજયની દેશના સાંભલ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાને બાલકથી તે વૃદ્ધ સુધીના તમામ શ્રાવકો જિનપૂજા કરી શ્રેણી બંધ એકઠા થતા હતા, ક્ષણમાં તો વ્યાખ્યાન શાલા ચીકાર ભરાઈ ગઈ હતી, એક તરફ શ્રાવકવર્ગ ગુરૂને વંદના કરી વિનયથી પોતાના આસન લેતો હતો. બીજી તરફ શ્રાવિકાઓનો સમૂહ આવી પોતાની બેઠક લેતો હતો. સર્વ સમાજ ગોઠવાયા પછી મુનિ વિચારવિજયની આજ્ઞા લઇ મુનિ વૈભવવિજય વ્યાખ્યાન શાલામાં બિરાજમાન થયા. સર્વ સમાજે ઉભા થઇ ગુરૂવર્યને પ્રણામ પૂર્વક માન આપ્યું. સર્વના મુખમાંથી **“ આદીશ્વર ભગવાનનો જય ”** એવી ઉદ્ઘોષણા થઈ. ગુરૂના મુખચંદ્ર પ્રત્યે સર્વ શ્રોતૃવર્ગ ચકોરચેષ્ટા કરવા લાગ્યો.

આ વખતે સાધ્વીજી વિદ્યાશ્રી પોતાની સહચારિણી શિષ્યાઓની સાથે વ્યાખ્યાનશાલામાં આવ્યા હતા. પોતાના સંસારી બંધુની ચારિત્ર ધારિણી દિવ્ય મૂર્તિ જોઈ તેમના હૃદયમાં ઉત્તમ ભાવના જાગ્રત થતી હતી. શ્રાવિકાઓના સુંદર સમાજની પાસે સાધ્વીજીના આસન હતા. સાધ્વીજીના આગમનથી વર્દ્ધમાનપુરનો સંઘ સંપૂર્ણ રીતે ચતુર્વિધ પણાને પ્રાપ્ત થયો હતો ભાવિક શ્રાવકો આ દેખાવ જોઇ પોતાના ક્ષેત્રને પુણ્ય ભૂમિરૂપે ભાવતા હતા. મહાવીર પ્રભુના ચરણકમલથી અંકિત થયેલી આ ભુમિ ખરેખર તીર્થ ભૂમિ દેખાતી હતી.

સર્વ સમાજ શાંત થયા પછી મુનિરાજ શ્રી ચંદ્રવિજયે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું—તેમના મંગલાચરણના પ્રથમ ધ્વનિની શાંતતા સર્વ સ્થળે પ્રસરી રહી. તે ચતુર અને વિદ્વાન્ મુનિએ પ્રથમ ધર્મની વ્યાખ્યા કરી તે પછી આર્હત ધર્મના અધિકારી કેવા હોય તે વિષે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનું વ્યાખ્યાન ચલાવ્યું તેઓ બોલ્યા કે, શ્રાવક શ્રોતૃગણ, તમારે સર્વથી પ્રથમ જાણવાનું એટલું છે કે, ભારત વર્ષમાં પ્રખ્યાતિ પામેલા જૈન ધર્મના અધિકારી કેવા જોઇએ, ઘણાં સમયથી વિવિધ પ્રકારની ધર્મભાવનાઓ ભરત ક્ષેત્રમાં પ્રવર્ત્તેલી છે. તે સર્વમાં ધર્મના તત્વો તો અમુક અમુક અંશે રહેલા હોવા જોઈએ, પણ જે તત્વો કોઈપણ યુક્તિથી બાધિત થાય, તે તત્વ ન્યૂનતાવાલા છે, એમ નિશ્ચયથી કહી શકાય છે. અર્હંત ભગવંતે જે તત્વો સ્વમુખે પ્રતિપાદન કરેલા છે, તે સર્વ રીતે નિરાબાધ અને નિર્દોષ છે. તેવા તત્વને પ્રગટ કરનારી ધર્મભાવના તે જૈનધર્મની ભાવનાછે. તેના અધિકારી પણ તે ભાવનાને યોગ્ય હોવા જોઈએ. તેની યોગ્યતા માટે શાસ્ત્રમાં અનેક લક્ષણો તે તે પ્રસંગે જણાવેલા છે.

પરોપકારી પ્રભુએ સનાતન જૈન ધર્મના બે ભાગ પાડેલા છે. યતિધર્મ અને શ્રાવકધર્મ તેમાં યતિધર્મના સંપૂર્ણ નિયમો જાણી તેના સંપૂર્ણ રીતે અધિકારી થવું, એ અમારા મુનિધર્મમાં આવેછે. તેથી તે મુનિઓને જ્ઞેય અને આચરણીય છે. શ્રાવક ધર્મના નિયમો ગૃહસ્થોને જાણવાં યોગ્ય અને આચરવા યોગ્ય છે. પવિત્ર શ્રાવકો, જો તમારે સર્વ રીતે ધર્મના અધિકારી થવું હોય તો તમારે સમ્યક્ત્વની શુદ્ધિ પ્રથમ રાખવી જોઇએ. સમ્યક્ત્વની અંદર શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની સંપુર્ણ શ્રદ્ધા આવી જાય છે. તે સાથે ગૃહસ્થ ધર્મનો અલંકાર વ્યવહાર શુદ્ધિ પણ રાખવી જોઇએ. વ્યવહારની શુધ્ધિવાલો પુરૂષ ધર્મનો અધિકારી થઈ શકે છે. સાંપ્રતકાલે ધર્મ શ્રધ્ધાથી અલંકૃત એવા પુરૂષો વ્યવહાર શુદ્ધિથી પણ રહિત જોવામાં આવે છે. જ્યારે વ્યવહારની શુધ્ધ ન હોય તો પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની ધર્મ શ્રધ્ધા આડંબર માત્ર લાગે છે. સામાયિક, જિનપૂજા અને ગુરૂભક્તિ કરી નિવૃત્ત થયેલો શ્રાવક જો વ્યવહારની શુધ્ધિ વિના અનેક છલ-કપટની રચના કરવા તત્પર થાય એ કેવી શ્રદ્ધા? વ્યાપારના અનેક માર્ગમાં લોકોને ભમાવી સ્વાર્થ સાધી સાયંકાલે પાછો જિનચૈત્યમાં દર્શન કરવા જાય અને પોતાના મલિન ભાવને નિર્મલ કરવા પ્રભુનીપાસે ક્ષમા માગે એ પણ કેવી વૃત્તિ? આવી શ્રધ્ધા અને આવી વૃત્તિવાલા પુરૂષો કદિ પણ ધર્મના અધિકારી થઈ શકતા નથી. સામાન્ય રીતે મનુષ્યના વ્યવહારમાં દુઃખ ન હોય એમ તો ઘણાં મનુષ્યો ઇચ્છે છે, પણ સુખ ન હોય એમ ઈચ્છનાર કોઈ દેખાતું નથી. કહેવાય છે કે, મનુષ્યની પ્રવૃત્તિ માત્રનું મૂળ સુખની ઇચ્છા છે. તે સુખના બે સ્વરૂપ છે; એક ઇંદ્રિય વિષય સુખ અને બીજું નિર્વિષય સુખ તેમાં ગૃહસ્થના ચંચલ ચિત્તને વિષય સુખ આકર્ષે એ સ્વાભાવિક છે. તથાપિ તે ચંચલ ચિત્તને નિયમિત કરે તેવા ધાર્મિક ઉપાયો સતત્ આચરી નિર્વિષય સુખ પ્રત્યે યોજવા પ્રયત્ન કરવો એ ગૃહસ્થે અવશ્ય લક્ષ્યમાં રાખવું જોઇએ. શ્રાવકો, તમારે સર્વદા વિચારવું કે, ચિત્તની વૃત્તિ ચંચલ હોવાથી એ સ્થિતિ બહુ રહેતી નથી અને તે અન્ય વસ્તુ પ્રતિ આકર્ષાય છે, અને તેથી થતું સુખ નષ્ટ થઈ જાય છે. એમ એ વિષય સુખ અનિત્ય છે, એક પછી એક એમ અનેક વિષયો આનંદાભાસ આપી વિરામે છે. પણ તેથી આત્માનંદને અભાવે પૂર્ણ તૃપ્તિ થતી નથી. વલી જે વિષય વિષે સુખ ભાવના દૃઢ થાય છે તે પ્રતિ રાગ ઉપજે છે અને રાગ પણ એક પ્રકારનો બંધ છે. દુઃખ વિષે જે દ્વેષ થાય છે તે જેમ એક પ્રકારનો બંધ છે, તેમજ રાગ પણ એક પ્રકારનો બંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. રાગ અને દ્વેષ અને તેના કોઈવાર કારણ રૂપ અને કોઈવાર પરિણામ રૂપ સુખ દુઃખ પણ એક પ્રકારનો સંગ છે અને પરમાત્મા સ્વરૂપ નિઃસંગ છે એટલે પરમાત્મ ભાવને બાધ કર્ત્તા સંગ સર્વ રીતે ત્યાજ્ય છે. સુખથી જો કાંઈ તૃપ્તિ મળતી હોય તો પણ તે પરિતૃપ્તિતો નથીજ. જો એમ હોય તો અન્ય વિષયની અપેક્ષાજ ન રહે. પણ એમ કાંઈ હોતું નથી. અધિકાર વધતાં ઉચ્ચતર વિષયોમાં સુખ મનાવા માંડે છે, પણ એ સર્વને અંતે અતૃપ્તિજ રહે છે; તેથી એક કાલ એવો આવે છે કે જ્યારે સુખ માત્ર અનિત્ય અને અસાર છે એવો નિશ્ચય થાય છે. આ પરથી સ્પષ્ટ સમજાયછે કે, મનુષ્યની પ્રવૃત્તિ માત્ર જે સુખની શોધ માટે છે તે વિષય સુખ નથી પણ કાંઈક એવું સુખ છે કે જે મલ્યા પછી મેલવવા યોગ્ય કાંઇ અવશેષ રહેતુંજ નથી. આજ આત્માનંદ અથવા મુક્તાનંદ છે—પરમસુખ છે. આવા સુખના અધિકારી થવાની ઈચ્છા રાખનાર શ્રાવક આર્હત ધર્મનો સંપૂર્ણ અધિકારી છે. અપૂર્ણ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી

(ગત અંકના પૃષ્ટ ૨૩૭ થી શરૂ.)

સ્વરની મધુરતા સાંભલી તે મુસાફરની મન રૂપ આંખ્ય આગલ સૌંદર્યની અભિનવ મૂર્તિ ખડી થઇ. હૃદય વીણા કોઇ એક નવીન તાનથી ઝંકાર પામી ઉઠી અને હૈયું ભાવથી ભરાઇ ઉભ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાઇ ગયું. તત્કાલ તે ત્યાંથી ધ્વનિને અનુસારે જિન ચૈત્યની પાસે આવ્યો ત્યાં ધ્વનિની સ્પષ્ટતા વિશેષપણે જણાવા લાગી. ચૈત્યદ્વાર આગલ તે ઉભો રહ્યો અને તે મધુર સ્વર સાંભલવા લાગ્યો. ક્ષણવાર પછી એ ધ્વનિ શાંત થયો પણ તે મુસાફર અશાંત થયો. તેના હૃદયમાં તે સ્વરના માધુર્યે ઘણી અસર કરેલી હતી. એ સ્વર કોઇ સૌંદર્યવતી રમણીનો છે, એમ તેને નિશ્ચય થવાથી તે અત્યંત વિમર્શમાં ઉતરી પડયો. રમણીનું મનોહર દર્શન કરવાની તેની પ્રબલ ઈચ્છા થઇ. ઈચ્છા બુદ્ધિને ચલાવી શકે છે, મનને પણ કંઇ કંઇ દોડાવે છે પણ શક્તિ અને સ્વભાવનું મુલ ઇચ્છાથી અજાણ્યું છે. ક્ષણવાર પછી એક સુંદર બાલા જિન ચૈત્યમાંથી બાહેર નીકલી, તેની સાથે સમાન વયની કેટલીએક સખીઓ હતી. એ મુગ્ધ બાલાની મનોહરતા અલૌકિક હતી. તેના તેજસ્વી શરીર ઉપર ધાર્મિકતા સંપૂર્ણ રીતે શોભતી હતી. વય મુગ્ધ હતું, તથાપિ પ્રૌઢતા પૂર્ણ રીતે દેખાતી હતી. નયનની વિશાલતામાં ચાંચલ્ય હતું પણ તે વિકારથી રહિત હતું. યૌવનવયનો આરંભ સર્વ સામગ્રી સાથે થતો હતો તથાપિ વિષયનું પ્રાબલ્ય ઉચ્છૃંખલ નહતું સખીઓની સાથે થતો વાર્ત્તાલાપ ક્ષુદ્ર હાસ્યથી રહિત અને ધર્મકથાથી ભરપૂર હતો.

આ સુંદર બાલા પેલા મુસાફરની દ્રષ્ટીએ પડી. તેને જોતાંજ તે મુસાફર મોહગ્રસ્ત થઇ ગયો તેના રસિક હૃદયમાંથી વિષયની ઊર્મિઓ ઉઠવા લાગી, આશાના મોહ પાશમાં તે ગુંથાઇ ગયો, તેને નિશ્ચય થયો કે, જિનચૈત્યમાં ગાયન કરનારી આ મુગ્ધાજ હશે. અહા ! શું કંઠ માધુર્ય ! કેવું સ્વરલાલિત્ય ! આ મોહમયીનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાભ કયા ભાગ્યવાનને માટે નિર્માણ થયો હશે. આવું ચિંતવતો તે મુસાફર ચૈત્યની બાહેર સ્તંભિત થઈ ગયો.

વાંચનારના હૃદયમાં આ જિજ્ઞાસાની કૌતુકમાલા ઉઠી હશે. જિજ્ઞાસાનો પ્રબલ વેગ કોઇનાથી રાકી શકાતો નથી. હવે તેનો સ્ફોટ કરવો જોઈએ. એ મુસાફર તે આપણા રૂષિદત્તાનો પુત્ર મહેશ્વરદત્ત છે. મહેશ્વરદત્ત પોતાના મામાની પુત્રી નર્મદા સુંદરીને પરણવાને મોસાળમાં આવ્યો છે. તે નર્મદા નદીના તીર ઉપર આવેલ જિનચૈત્યમાં ઉતર્યો હતો. જ્યાં બાલસતી નર્મદા સખીઓની સાથે જિનપૂજા કરવાને આવી હતી. ઉત્તમ ભાવનાથી પ્રભુની પૂજા કરી એ મનોહર બાલા સ્તવન ગીત ગાતી હતી, જેણીના સ્વરની મધુરતાએ મુસાફર મહેશ્વરદત્તના રસિક હૃદયને ખેંચ્યું હતું.

પવિત્ર હૃદયની નર્મદા સુંદરીની દ્રષ્ટિ એ મુસાફર ઉપર પડી હતી, અને ક્ષણવાર તે અભિનવ પુરૂષને જોવાનું કૌતક પણ થયું હતું; પણ એ મહા સતી પર પુરૂષની ઉપેક્ષાથી માત્ર દ્રષ્ટિ કરી ચાલી ગઈ.

કુલીન અને પવિત્ર સતીઓની દ્રષ્ટિમાં વિકારો ઉદ્ભવતા નથી. તેમની વર્ત્તણુંક નિર્દોષ અને નિર્વિકારી હોય છે. યૌવન, ધન, રૂપ અને ગુણના મદ તેમનાથી અત્યંત દૂર રહે છે. ગમે તેવો તરૂણ સ્વરૂપવાન અને ગુણી પુરૂષ પણ તેવી કુલીન બાલાઓના દ્દઢ અને નિયમિત હૃદયને આકર્ષી શકતો નથી. તેવી કુલીન સતીઓ પોતાના પવિત્ર પ્રેમને તત્કાળ અર્પણ કરતી નથી, જો અર્પણ કરે તો પછી પોતાના વિચારને ફેરવતી નથી. સ્ત્રીઓને ચપલા કહેનારા કવિઓ પણ તેવી મહા સતીઓની આગલ અસત્યવાદી ઠરે છે. દ્દઢ હૃદયની લલનાઓને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપલા એ વિશેષણ લાગતું નથી તેઓ ખરેખરી યોગિની કહેવાયછે. માનવી મન જલના જેવું કહેવાય છે. જલ જેમ પાતલું છે, સહજ સહજમાં નીચાણ તરફ વહયું જાયછે; તેનો પોતાનો જેમ કાંઈ આકાર નથી, જેમ તેને પાત્રમાં રાખવાથી તે પાત્રના જેવો આકાર ધારણ કરેછે, તેવીજ રીતે મન પણ તદ્દન પાતલું, સહજમાં નીચી દશાઃ ભણી ઢલી જનારૂં અને જેને આધારે રાખીએ, તે આધારના જેવો આકાર ધારણ કરનારૂં છે. વલી જલ જેમ થંડકથી જામીને કઠણ થઇ જાયછે, અને કઠણ થઇ જઇને જે તેનું નીચાણમાં ઢલી જવાપણું, પોતાનો નિર્દિષ્ટ આકાર વગરનો ગુણ તજી દઇને સ્થિર અવસ્થા અને નિર્દિષ્ટ આકારમાં આવી જાયછે, તેવીજ રીતે મનને સત્પાત્રમાં ઢાળીને તથા સદવિચારથી શીતલ કરીને જ્યારે જમાવી દેવામાં આવે, ત્યારે તે જે નિર્દિષ્ટ આકાર હોય તેને ધારણ કરેછે, અને જો પાપરૂપી તાપવડે ફરીથી તેને તપવવામાં આવે નહીં તો તેથી તે જામી ગયેલી અવસ્થામાં અનંત કાલ ગુજારશે. આ મનની કેલવણી કુલીન મહાસતીઓના હૃદયમાં સ્વતઃસિદ્ધ હોયછે. તેઓના પવિત્ર મનને ચપલતાનો દોષ સ્પર્શ પણ કરી શકતો નથી.

આથી મહાસતી નર્મદા સુંદરી મહેશ્વરદત્તને જોઈ મોહમગ્ન થઇ નહતી. માત્ર દષ્ટિથી જોઇ ઉપેક્ષા કરી પોતાને માર્ગે ચાલી ગઇ. મહેશ્વરદત્ત તેના મોહપાસથી આકર્ષાઇ હલવે હલવે પાછલ ચાલ્યો. તેને પાછલ આવતો જોઇ નર્મદાએ પોતાની સખીઓને પુછ્યું કે, આ અજાણ્યો પુરૂષ કોણ હશે? જિનચૈત્યમાં આપણે તેને જોયો હતો તે શામાટે આપણી પાછલ આવતો હશે? સખીઓમાંથી એક ચતુર સખી ઉભી રહી. તેણે આવી મહેશ્વરદત્તને પુછ્યું, તમે કોણ છો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ક્યાં જાઓછો? મહેશ્વરદત્તે નમ્રતાથી જવાબ આપ્યો, હું વિદેશી મુસાફર છું. મારૂં નામ મહેશ્વરદત્ત છે. હું ચંદ્રપુર નગરનો રહેવાશી છું. મારે સહદેવ શેઠને ઘેર જાવું છે. હું આજે તેમનો અતિથિ થવા ઇચ્છું છું. સહદેવ મારે મામા થાય છે. તેમનું ઘર ક્યાં છે? તે કૃપા કરી બતાવશો. તે સ્ત્રી બોલી ભદ્ર, અમારી સાથે આ કુમારિકા છે, તે સહદેવ શેઠની પુત્રી થાયછે, તેમનું નામ નર્મદાસુંદરી છે. તેઓ અમારા સખી છે. તમે તેમની સાથે જાઓ એટલે સહદેવ શેઠને ઘેર પોહોચશો.

તે બાલાના આવા વચન સાંભલી મહેશ્વરદત્ત આનંદ અને આશ્ચર્ય પામી ગયો. તેના વિકારી હૃદયમાં જે વાસના હતી તે ઉત્કર્ષથી જાગ્રત થઇ. પોતાના મનોરથ સફલ થવાની પ્રબલ ઉત્કંઠા ઉત્પન્ન થઈ. તેની મનોવૃત્તિ ઉપર અનેક વિચાર ઉર્મિઓ ઉછલવા લાગી—અહા ! જેને માટે હું મહાપ્રયાસથી અહિં આવ્યો, તે પ્રયાસ યોગ્યજછે. આવું મહારત્નને મેલવવા જેટલો પ્રયાસ કરીએ તેટલો થોડો છે. નર્મદા સુંદરી તે ખરેખર નર્મદા સુંદરીછે. "નર્મ" એટલે સુખ ને "દા" એટલે આપનારી સુંદરી. એ "નર્મદા સુંદરી" એ નામ સર્વ રીતે ચરિતાર્થ છે. આવું અમૂલ્ય સ્ત્રીરત્ન મનેજ પ્રાપ્ત થાય, એવા મારા ભાગ્ય ક્યાંથી હશે ? હજુ મારૂં હૃદય શંકાશીલ છે, મારા જેવા મિથ્યાત્વી લોકોજને શુદ્ધ શ્રાવકકુલના સંબંધમાં ક્યાંથી માન મલશે ? સહદેવ મામાના હૃદયમાંથી પ્રીતિના અંકુર મારા જેવા કુમતિને માટે શી રીતે પ્રગટ થાય ? ક્યાં મિથ્યાત્વથી મલિન હૃદયવાલો મહેશ્વરદત્ત ! અને ક્યાં શ્રાવિકા રત્ન નર્મદાસુંદરી ! આ ઉભયયોગ દુર્ઘટ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં વલી બીજી સ્ત્રીઓની જેમ નર્મદા વિષય વિકારથી સાધ્ય થાય તેમ નથી. તેની સર્વ ચેષ્ટાઓ વિકાર રહિત અને સ્થિર છે. વિદ્યુતાની જેમ ચલકાટ મારતી એ મનોહરા જ્યારે ચૈત્યમાંથી બાહેર નીકલી તે વખતે તેની નમ્ર દ્રષ્ટિ મારી ઉપર પડી હતી, મેં મોહમય વિકારી દ્રષ્ટિથી તેણીને નીરખી હતી. તથાપિ એ બાલા મારી ઉપેક્ષા કરી ચાલી ગઇ. આવી યૌવનવતી કુમારિકા મારા જેવા તરૂણનો તિરસ્કારની દ્રષ્ટિએ જુવે એ કેવી તેની પવિત્રતા? એ તરૂણી ખરેખર પવિત્ર હૃદયની છે. કદિ મારો સ્વાર્થ સિદ્ધ થાય કે ના થાય પણ મારે નિષ્પક્ષપાતપણે કહેવું જોઇએ કે, આવી કુમારીકાઓના જન્મ સાર્થક છે. તેઓ શ્રાવક કુલની તેજસ્વી વિભૂષા છે. હું મિથ્યાત્વી છું, તથાપિ આવી શ્રાવિકાઓને જોઇ શ્રાવકધર્મને ધન્યવાદ આપું છું. શ્રાવકના શિષ્ટાચાર ખરેખર સર્વથી પ્રશંસનીય અને અનુકરણીય છે.

આ પ્રમાણે વિચાર કરતો મહેશ્વરદત્ત સહદેવના ઘર આગલ આવી પોહોંચ્યો. નર્મદાપુરીના મધ્ય ભાગે આવેલ સહદેવનો સુંદર પ્રસાદ જોઇ મહેશ્વરદત્ત ચકિત થઈ ગયો. નર્મદાસુંદરીની પછવાડે તે અંદર દાખલ થયો અને સહદેવની આજ્ઞાથી તેને સેવકો અતિથિગૃહમાં લઈ ગયા. અપૂર્ણ.

---

## ભવાટવીમાં ભ્રમણ.

(ઉપનયન કથા).

(ગતાંકના પૃષ્ટ ૨૪૦ થી ચાલુ.)

વાંચનાર, ભવાટવીમાં ભ્રમણ કરનાર તે મુસાફર રૂપ જીવનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બીજો પુરૂષ મળ્યો તે ક્રોધ હતો. ક્રોધના આવેશથી પ્રાણીની જે સ્થિતિ થાયછે, તેનું સ્વરૂપ ક્રોધના સ્વરૂપ જેવુંજ જાણી લેવું. ક્રોધ એ માનવજીવનને કલંકિત કરનાર છે. ક્રોધના આવેશમાં મનુષ્ય અકાર્ય કરી નાંખેછે. ક્રોધાંધ પુરૂષ કાંઇ પણ જોતો નથી. અતિ ક્રોધને ધારણ કરનાર પ્રાણી કોઇવાર તે ક્રોધાનલમાંજ પતંગ બનેછે.

ક્ષણવાર પછી તે મુસાફર ક્રોધના પંજામાંથી મુક્ત થઈ આગળ ચાલ્યો. ત્યાં એક મનોહર આકૃતિવાળો પુરૂષ જોવામાં આવ્યો તે જોતાંજ મુસાફર દિગ્મૂઢ બની ગયો. તેની અંતવૃત્તિમાં મોહનીય પ્રકૃતિનો આવિર્ભાવ થયો. પોતે કોણ છે? અને ક્યાં જાય છે? તે પણ તેના જાણવામાં આવ્યું નહીં. તેનું ભાન નષ્ટ થઈ ગયું. ભવાટવીની ભયંકરતાને પણ ભુલી ગયો. તે મનોહર પુરૂષે આવી તેના અંગને આલિંગન કર્યું. આ આલિંગનથી તેને વિશેષ અસર થઈ. તત્કાલ મોહમયી મૂર્છામાં સપડાયો અને ભૂમિ ઉપર પડી ગયો.

પ્રિય વાચકવૃંદ, આ પુરૂષને તમે સ્વરૂપથી તો ઓળખ્યો હશે તથાપિ પુનરૂક્તિથી જણાવવાનું કે, એ પુરૂષ મોહ હતો. મોહનું સ્વરૂપ આર્હત આગમમાં ક્ષણે ક્ષણે વર્ણવ્યું છે. વિદ્વાન્ કવિઓ આલંકારિક ભાષામાં મોહને વિવિધ પ્રકારે વર્ણવે છે—કવિ શિરોમણિ પદ્માનંદ મોહને કેશરીસિંહનું રૂપક આપે છે—

## शार्दूलविक्रीडित.

स्फुर्जल्लोभकरालवक्त्रकुहरावक्त्रे हुंकारगुंजारवः

कामक्रोधविलोलोलोचनयुगो मायानखश्रेणिभाक् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वैरं यत्र स बंभ्रमीति सततं मोहाह्वयः केसरी
तां संसारमहाटवीं प्रतिवसन् को नाम जंतुः सुखी ॥१॥

"જે ભવાટવીમાં મોહ નામનો એક કેશરીસિંહ સદાકાલ સ્વેચ્છાએ ફર્યા કરે છે, તેને લોભ રૂપી વિકરાલ અને ગહન મુખ છે. તે હુંકાર શબ્દ કર્યા કરે છે. કામ અને ક્રોધ એ તેના બે ચપલ નેત્ર છે. માયા તેના પંઝાના નખની શ્રેણી છે. તેવી ભવાટવીમાં રહેનાર કયો પ્રાણી સુખી થાય ?"

ત્યાંથી સાવધાન થઇ મુસાફર આગળ ચાલ્યો. ત્યાં એક કંગાલ પુરૂષ તેના જોવામાં આવ્યો. જાણે મૂર્ત્તિમાન્ બિભત્સરસ હોય તેવો તે દેખાતો હતો. તેણે ફાટલ તુટલ વસ્ત્ર પેહેર્યાં હતાં. શરીર નિસ્તેજ અને કૃષ્ણ હતું. તેના મુખ ઉપર અનેક જાતની તૃષ્ણા તરી આવતી હોય તેમ દેખાતું હતું. તે પુરૂષે આવી આ ભીરૂ મુસાફરને આલિંગન કર્યું, એટલે તે જાણે જુદીજ સ્થિતિમાં આવ્યો હોય, તેમ દેખાવા લાગ્યો.

વાંચનાર, આ કંગાલ પુરૂષ તે લોભ હતો. લોભમાં કદર્ય, કૃપણતા વિગેરે અનેક દોષો રહેલા હોય છે, તેના સ્વરૂપ ઉપરથી તે ઓલખાય છે. એ લોભ કષાય પાપનું મૂલ છે. લોભાંધ પ્રાણી અનેક કુકર્મ કરવા તૈયાર થાય છે. જગતમાં સર્વ જન વિશ્વાસ પાત્ર થઇ શકે પણ લુબ્ધ નર કદિ પણ વિશ્વાસ પાત્ર થતો નથી. વિદ્યા, વિનય, વિવેક અને ધાર્મિકતા—એ સર્વ ગુણો કદિ પ્રાપ્ત થયા હોય પણ જો લોભનો જરા પણ સંસર્ગ થઈ જાય તો તે સર્વે ગુણો આચ્છાદન થઇ જાય છે. સ્વધર્મ, નીતિ, પરમાર્થ, ધૈર્ય અને શૌર્ય જેવા ગુણોથી અલં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કૃત એવા પુરૂષો પણ લોભ રૂપ ચાંડાલના સંસર્ગથી અસ્પર્શનીય થઇ જાય છે. આ પ્રમાણે ભવાટવીમાં ભ્રમણ કરતો તે મુસાફર લોભના પાસમાંથી માંડ માંડ મુક્ત થઇ આગળ ચાલ્યો. અપૂર્ણ.

# શ્રીવિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

## ગતાંક પૃષ્ટ ૨૩૦ થી સાંધણુ.

પૂર્વ પ્રમાણે શ્રી વિમલચંદ્રસૂરિની સમીપ પ્રશ્ન પૂછવાની ઇચ્છાએ સર્વ શિષ્ય સમાજ તૈયાર થઈ આવ્યો. ગુરૂ સમીપ આવતા પેહેલા તે વિદ્વાન્ શિષ્યોએ એકત્ર થઈ વિચાર કર્યો કે આજે કેવા પ્રશ્નો પુછવા? તે વખતે જુદા જુદા શિષ્યોએ પોતપોતાના વિચાર દર્શાવ્યા હતા. છેવટે નિર્ણય કર્યો કે, "આજે ગુરૂશ્રીના મુખથી ત્રણ પ્રશ્નોના ઉત્તર સાંભલવા. આ જગતમાં અનર્થનું ફલ શું છે? સુખદાયક શી વસ્તુ છે? અને સર્વ વ્યસન-દુઃખનો વિનાશ કરવામાં ડાહ્યો કોણ છે? આ ત્રણ પ્રશ્નો આપણે અવસ્ય જાણવા યોગ્ય છે. આવો નિર્ણય કરી સર્વ સંયમિમંડલ ગુરૂ સમીપ આવ્યું. કૃપાળુ ગુરૂ તેમને જોઈ પ્રસન્ન થયા અને શિષ્યોની જિજ્ઞાસા પૂર્ણ કરવા તનમનથી તત્પર થયા.

ચારિત્રથી અલંકૃત અને સંયમ સુશોભિત એવા સૂરિરાજના ચરણ કમલની પાસે આવી સર્વ વિનીત શિષ્યોએ આ પ્રમાણે પ્રશ્ન "કર્યો **किमनर्थफलम्**" "અનર્થનું ફલ શું? સદ્બોધક સૂરિશ્રીએ સત્વર જણાવ્યું. "**मानसमसंगतं**" "અસંગત મન" એટલે સંગતિ વગરનું મન તે અનર્થનું ફલ છે. પ્રાજ્ઞ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્યો તે સાંભલી હૃદયમાં આનંદ પામી ગયા. પછી તરતજ બીજો પ્રશ્ન કર્યો. " का सुखावहा " " સુખદાયક શી વસ્તુછે? " શાસ્ત્ર પારંગત સૂરિશ્રીએ તત્કાલ કહ્યું, " મૈત્રી " " સુખદાયક મૈત્રી છે. " તે સાંભલી પ્રમોદથી પરિપૂર્ણ થયેલા શિષ્યોએ સત્વર ત્રીજો પ્રશ્ન કર્યો. " सर्व व्यसन विनाशेकोदक्ष " સર્વ વ્યસન-દુઃખને નાશ કરવામાં દક્ષ—ચતુર કોણ? ગુરૂશ્રી ક્ષણવાર વિચારી સસ્મિત વદને બોલ્યા. " सर्वथात्यागः " " સર્વથા ત્યાગ કરવો તે સર્વ દુઃખને નાશ કરવામાં દક્ષ છે. આ ઉત્તર સાંભલી સંવેગ રંગિત શિષ્યોના હૃદયો આનંદથી ઉભરાઇ ગયા. અપૂર્ણ.

# પ્રાંતિક જૈન મહાસભાજનો વિજયોત્સવ.

ભારતવર્ષીય જૈન મહા પરિષદ્ એ સર્વ જૈનોની જયદાત્રી જનની છે. માયાલુ માતા જેમ પોતાની સંતતિનો ઉદ્ધાર કરવા અને તેનું હિત કરવા અનેક જાતના ઉપાયો યોજે છે, તેમ ભારતવર્ષની જૈન મહાપરિષદ્ એ સર્વ જૈન સંતતિના ઉદ્ધારના અને હિતના ઉપાયો યોજે છે એ ઉદ્ધારક અને હિતેચ્છુ છે. એ માતાની માંગલ્ય મય મૂર્તિ સર્વ જૈનોને માન્ય અને પૂજ્ય છે. એ મનોહર મૂર્તિનું સ્વરૂપ જૈનોના હિતચિંતક મહાન્ પુરૂષોથી બંધાયેલું છે. તેના પવિત્ર અંગના અવયવો તે આપણા સખી દિલના, અને ધાર્મિક વૃત્તિવાલા જૈન ગ્રહસ્થો છે જેઓના નામ સર્વદા પ્રાતઃકાલમાં જૈન સંતતિને સર્વદા સ્મરણ રાખવા યોગ્ય છે.

એ પરમપવિત્ર જૈન મહા પરિષદ્ રૂપ માતાએ વૈશાખ માસની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુક્લ સપ્તમીને દિવસે પેથાપુરની ભૂમિ ઉપર એક પવિત્ર પુત્રીને જન્મ આપ્યો છે. એ દિવ્યદુહિતાનું નામ પ્રાંતિક જૈન મહાપરિષદ્ છે. જે **પેથાપુર પ્રાંતિક જૈન કોન્ફરન્સ** એવા નામથી પ્રખ્યાત થઈ છે.

આ પ્રાંતિક મહાપરિષદ્ના પ્રમુખ પદ ઉપર ભારતવર્ષીય જૈન મહાપરિષદ્ ઉત્પાદક પિતા મિ. ગુલાબચંદ ઢઢ્ઢા વિરાજમાન થયા હતા, ઉત્સાહી અને સાધર્મિ સેવક એ જૈનવીરને પેથાપુર પ્રાંતિક કોન્ફરન્સના સત્કાર મંડલે પૂર્ણ પ્રેમથી વધાવી લીધા હતા. એ ધર્મવીરને માન આપવાને પેથાપુર, અમદાવાદ, કલોલ વિગેરેના ડેપ્યુટેશનો સામે આવ્યા હતા. સાર્વજનિક હિત ચિંતક અને જૈનોના વિજયપરંપરાને ઉગમથી વધારનારા એ શ્રાવકરત્નને મંગલતિલક કરી અને પુષ્પમાલાથી વિરાજિત કરી પેથાપુરના રાજ માર્ગમાં પ્રવેશ કરાવ્યો હતો. પેથાપુરની જૈન પ્રજાએ રાજમાર્ગના પ્રદેશોને ધ્વજા પતાકાથી સુશોભિત કર્યા હતા.

પ્રાંતિક કોન્ફરન્સની જયવંતી જયંતીનો દિવસ વૈશાખ માસની શુક્લ સપ્તમીનો હતો તે દિવસે જૈનો નો મોટો સમાજ સભામંડપમાં એકઠો થયો હતો. સભામંડપનું મુહૂર્ત પેથાપુરના સગીર વયના ઠાકોર સાહેબ શ્રી ફત્તેહસિંહરાયને હાથે કરવામાં આવ્યું હતું. મંડપની શોભા સર્વ પ્રકારે ઉત્તમ પ્રકારની કરવામાં આવી હતી. આ જયવંતી પ્રાંતિક કોન્ફરન્સની સ્થાપના ત્રણ દિવસ સુધી રહી હતી. તેમાં કાર્યોની યોજના ઉત્તમ પ્રકારે કરવામાં આવી હતી. સભામંડપમાં પુરૂષ ડેલીગેટોની સંખ્યા સાતસોની અને સ્ત્રી ડેલીગેટોની સંખ્યા ત્રણસોની થઈ હતી, તે શિવાય વીઝીટરોની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંખ્યા પણ ઘણી સારી હતી તેમાં વિશેષ શોભા તો મહીકાંઠાના તથા પેથાપુરના રાજકીય પુરૂષોની હાજરીથી પ્રાપ્ત થઈ હતી એકંદર પ્રાંતિક કોન્ફરન્સનો દેખાવ ભારતવર્ષની જૈન કોન્ફરન્સના જેવો થયો હતો.

ત્રણ દિવસ સુધી આ મહાસમાજમાં થયેલા કાર્યો તરફ જોતાં અતિશે સંતોષ પેદા થાય છે. સ્વાગત મંડલના અગ્રેસર મી. ફતેચંદ રામચંદના ભાષણની અંદર સારૂં ગાંભીર્ય દેખાઈ આવે છે તેમાં વિશેષ આનંદની વાત એછે કે, આ પ્રાંતિક કોન્ફરન્સની ઉત્પત્તિ તથા તેની આવશ્યકતાની પુષ્ટિમાં પૂજ્ય મુનિમહારાજોની સંપૂર્ણ સહાય છે જેમાં પૂજ્ય મુનિ શ્રી બુદ્ધિસાગર પ્રમુખના યશસ્વી અને પવિત્ર નામ ધર્મના યશોગાન સાથે ગવાય છે. જ્યારે આ પ્રમાણે વિહારશીલ મુનિરાજો ઉત્સાહથી પ્રત્યેક ક્ષેત્રોમાં ઉપદેશ આપી સંપૂર્ણ સહાય કરશે ત્યારે ભારતવર્ષની જૈન મહાપરિષદ્ રૂપ માતા આવી પ્રાંતિક કોન્ફરન્સ રૂપી અનેક પુત્રીઓને જન્મ આપશે જે પુત્રીઓ ભવિષ્યમાં માતાની જેમ સર્વ જૈન સંતતિનું પાલનપોષણ કરશે અને ભારત ઉપર જૈનોની વિજય ધ્વજા ફરકાવશે. તે શિવાય સત્કાર મંડલના અગ્રેસરે પોતાના મધુર ભાષણના પ્રવાહમાં પ્રાંતિક કોન્ફરન્સની આવશ્યકતા, સાંસારિક તથા ધાર્મિક કેલવણીની જરૂરીયાત, સામાજિક સ્થિતિની સુધારણા, અને મુનિમહારાજોના કર્ત્તવ્ય પ્રત્યે ઉપકાર ઇત્યાદિ વિષયોનું સારૂં વિવેચન કરેલું હતું.

આ પ્રસંગે આપણા માનવંતા અને કોન્ફરન્સની હિતબુદ્ધિ રૂપ કાંતિથી પ્રકાશિત એવા પ્રમુખ મીં ઢઢ્ઢાના મુખમાંથી જે વાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવાહ છુટયો હતો તે દિવ્ય અને અવર્ણ્ય હતો તે મહાન્ વક્તાએ પોતાની બુદ્ધિની વિશાલતા અને વાકચાતુરી ઘણી અચ્છી રીતે દર્શાવી હતી. તેમના સુભાષિત ભાષણમાંથી શ્રોતાઓને અમુલ્ય સૂચનાઓ મલી હતી જેમાં નિરાશ્રિતને આશ્રય, વ્યવહારિક અને ધાર્મિક કેળવણી જૈન કૉલેજ, પુસ્તકોદ્ધાર, જૈનમંદિરોનો જીર્ણોદ્ધાર, જીવદયા, ધર્માદાનો વહીવટ, જૈન ડીરેક્ટરી, સિદ્ધાચલ તીર્થ ઉપર આવી પડતા ઉપદ્રવને દુર કરવાની યોજના અને હાનિકારક રીવાજોનું ઉન્મુલન વિગેરે વિષયો ઉપર પોતાની પ્રૌઢ પ્રજ્ઞાનું બલ દર્શાવી તેઓએ સારૂં વિવેચન કર્યું હતું.

પ્રમુખના સુબોધક ભાષણની અસરથી તે પ્રાંતિક કોન્ફરન્સના ઉત્સાહને અતિ અનુમોદન મલ્યું હતું. એ મહાપરિષદ્‌ની પવિત્ર પુત્રીના નવરંગિત મંડપમાં એકંદર પંદર ઠરાવો કરાવામાં આવ્યા હતા. પ્રત્યેક ઠરાવના હેતુઓ સર્વથી ઉત્તમ અને સ્થાનિક જૈનવર્ગની સુધારણમાં અત્યંત પ્રશંસનીય હતા. તે ઠરાવો બીજા જાહેર પત્રોમાં આવી ગયેલા હોવાથી અહિં આપવા તે પુનરૂક્તિ કર્યા જેવું લાગવાથી આપ્યા નથી.

આ સર્વોત્તમ ઠરાવોનું વારંવાર મનન કરવા અમો સર્વ જૈન બંધુઓને વિનંતિ કરીએ છીએ. અને તેવી પ્રાંતિક કોન્ફરન્સની યોજના પ્રત્યેક પ્રાંતમાં થાય તેવો ઉત્સાહ સહિત પ્રયાસ કરવાને સવિનય પ્રાર્થના કરીએ છીએ. પેથાપુરની પ્રાંતિક કોન્ફરન્સે અપૂર્વ ફત્તેહ કરી જે દાખલો જૈનમંડલમાં બેસાર્યો છે, તે ખરેખર સ્તુતિ પાત્ર અને સર્વને અનુકરણ કરવા યોગ્ય છે. લખવાનો વિશેષ આનંદ તો એ થાય છે કે પેથાપુરના પ્રાંતસ્થ ગૃહસ્થોએ આ મહાન્

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યનો આરંભ કર્યો પહેલા મી. ઢઢ્ઢા જેવા સાધર્મિભક્ત અને સર્વ જનપ્રિય જૈનવીરને પ્રમુખપદ આપવાનો જે સ્તુત્ય વિચાર કર્યો તે ખરેખર વિશેષ સ્તુતિપાત્ર છે. તન, મન, ધનથી આ મહાન્ કાર્યને કરનારા અને શ્રાવક જન્મને સાર્થક કરનારા પેથાપુરની પ્રાંતિક કોન્ફરન્સના અગ્રેસર ગૃહસ્થોને અમે સહસ્રવાર ધન્યવાદ આપીએ છીએ. અને શાસનના અધિષ્ઠાયકને વિનંતિ કરીએ છીએ કે, ભારતવર્ષીય જૈન મહાપરિષદ રૂપમાતા આવી પ્રાંતિક કોન્ફરન્સ રૂપ અનેક પુત્રીઓને જન્મ આપે. " તથાસ્તુ "

---

# વૃત્તાંત સંગ્રહ.

## બનારસ, યશોવિજય જૈન પાઠશાલાનો વાર્ષિક મહોત્સવ.

લખતાને આનંદ આવે છે કે, ગયા વૈશાખ માસની કૃષ્ણ દશમીને દિવસે શારદા દેવીના નિવાસ સ્થાનરૂપ અને આર્યોના પવિત્ર તીર્થ શ્રી બનારસ ખાતે શ્રી યશોવિજય પાઠશાલાનો વાર્ષિક મહોત્સવ મોટા ઠાઠમાઠ સાથે કરવામાં આવ્યો હતો. આ ઉત્સવના કાર્યમાટે ખાસ વિદેશમાંથી ઘણાં સંભાવિત શ્રાવક ગૃહસ્થો આવ્યા હતા. તે કાર્યના પવિત્ર પ્રસંગને સૂચવનારી આમંત્રણ પત્રિકાઓ અગાઉથી બહાર પાડવામાં આવી હતી. ગંગાના પવિત્ર પ્રવાહની ગર્જનાથી ગાજતા એ વિદ્યાક્ષેત્રની ભૂમી ઉપર એક સુંદર સભામંડપ આરોપણ કરવામાં આવ્યો હતો. જૈનોના આ ઉત્તમ ઉત્સાહને અનુમોદન આપવાને કાશીના પ્રખ્યાત બ્રાહ્મણ પંડિતોએ પણ તેમાં સારો ભાગ લીધો હતો. આ વિદ્યાસમાજના પ્રમુખ પદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર આપણા સાર્વભૌમ મહારાજાના માનવંતા ગૃહસ્થ ઓનરેબલ મુનશી માધવલાલને નીમવામાં આવ્યા હતા. સભાના કાર્યના આરંભમાં પાઠશાલાનો રિપોર્ટ વાંચવામાં આવ્યો હતો. રીપોર્ટ ઉપરથી આ સરસ્વતી મંદિરના કાર્યની વ્યવસ્થા ઉત્તમ પ્રકારની જોવામાં આવેછે. બે વર્ષની અલ્પમુદતમાં આ પાઠશાલાએ સારૂં કામ કરી બતાવ્યુંછે. આ મહાન્ ઉદ્દેશના ઉત્પાદક અને સંસ્થાપક મુનિ મહારાજ શ્રી ધર્મવિજયજીને આપણે વંદના પૂર્વક ધન્યવાદ આપવો જોઇએ. એ ઉપકારી મુનિરાજના પવિત્ર પ્રયત્નથી આજે આ પાઠશાલામાં મુનિઓ તથા ગૃહસ્થ વિદ્યાર્થીઓની સંખ્યા સાડત્રીશ સુધીની થયેલી છે. તેઓના અભ્યાસનો ક્રમ જોતાં ઘણો સંતોષ થાય તેમ છે. અભ્યાસના ક્રમમાં વ્યાકરણ અને ન્યાયના ઉંચા વિષયને પ્રથમ પસંદ કરવામાં આવ્યા છે તે ઘણી સ્તુત્ય યોજના છે તે વિષયના સંપૂર્ણ વિદ્વાનોની જૈનવર્ગમાં જે મોટી ખામી દેખાયછે. તે ભવિષ્યમાં આયોજનાથી પાર પડે તેમ છે. આ પ્રસંગે આ મહાન્ પાઠશાલામાં ભણતા વિદ્યાર્થીઓને ઉત્તેજન અર્થે જે જૈન ગૃહસ્થ તથા જૈનબાનુઓ તરફથી ઇનામ આપવામાં આવ્યાછે, તેઓને અમે ધન્યવાદ આપીએ છીએ.

આ ઉત્તમ કાર્યને સહાય આપનારા શેઠ વીરચંદ દીપચંદ સી આઇ. ઇ. જે. પી. તથા તેમના પત્ની સૌ. ડાઈબા તથા શેઠ ગોકળભાઇ મુળચંદ તથા તેમના પત્ની નાનીબા એ બંન્ને કુટુંબને સંપૂર્ણ ધન્યવાદ ઘટે છે. તે શિવાય આ પ્રસંગે ખાસ પધારેલા રાયબહાદુર બદ્રિદાસજી તેમના પુત્ર રાયકુમારસિંહજી, મુંબઈના જાણીતા શેઠ અમરચંદ તલકચંદના પુત્ર હેમચંદભાઈ, સાક્ષર શ્રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનસુખ કીર્ત્તચંદ, મહેસાણાવાલા શેઠ વેણીચંદ સુરચંદ, વઢવાણ વાલા નારણજી અમરશી અને અમદાવાદથી જૈનપત્રના અધિપતિ ભગુભાઇ ફતેહચંદ અને બીંદકીથી ડાહ્યાભાઈ ફોશા ઇત્યાદિ ગૃહસ્થોને પણ અભિનંદન ઘટે છે.

આ પાઠશાલાની વ્યવસ્થા કરવામાં ભગીરથ પ્રયત્ન કરનાર તેના સેક્રેટરીઓ મી. રતનચંદ સુરચંદ તથા શેઠ છોટાલાલ ત્રીકમદાસ તથા પાઠશાળાના મેનેજર મી. મોહનલાલ ચુનીલાલ પારેખ બી. એ. ને પણ સાબાસી ઘટેછે. વિશેષમાં આ શાલાને અંગે શ્રી હેમચંદ્રાચાર્ય પુસ્તકાલયની જે સ્થાપના કરવામાં આવીછે, તે પણ પ્રશંસનીય કાર્ય થયેલું છે. તે શિવાય પ્રાચીન પુસ્તકોને મુદ્રાંકિત કરવાનું ઉત્તમકાર્ય મુનિરાજ શ્રી ઇંદ્રવિજયજીની દેખરેખ નીચે થાયછે. તેપણ સર્વ રીતે સંતોષકારી છે. આ મહાન્ કાર્યને ઉન્નતિપર મુકવાને ભારતવર્ષના સર્વ જૈન ગૃહસ્થોએ તનમન ધનથી પ્રયત્ન કરવો જોઈએ. તેમ થશેતો શ્રી યશોવિજયજીના પવિત્ર નામની યશોલતા કાશીપુરીથી પ્રસાર થઈ અને નવપલ્લવિત થઈઆખી ભારતવર્ષની જૈન પ્રજાને જ્ઞાનરૂપ મધુર ફલ આપશે.

## सुधारो.

ગયા માસના અંકમાં " કાલચરિત " ની કવિતામાં નીચે પ્રમાણે સુધારીને વાંચવું છેલ્લી કડીમાં ' તુજ પાસે પડે ' એને બદલે ' [ તુજ પાસે પડે ' એમ વાંચવું. [ પાસે એટલે પાશમાં=ફાંસામાં. ]

" મુખ-કૃષ્ણને મતિ-કુટિલતા ઘણી " એને બદલે " મુખ-કૃષ્ણને મતિ કુટિલના ઘણી ." એમ વાંચવું. એટલે કે કાળા મુખવાળાને કુટિલ મતિવાળા એવા હે કાળ!—ફુટનોટમાં ' નરવરા ' એને કાળનું વિશેષણ તરીકે લેવાનું સમજાવ્યુંછે તે તેમ લેવાનું નથી. પણ " પૃથ્વીતણા વિભૂષણ એવા જે નરવરો [ નરરત્નો ] તેને તેં કવળી કર્યાછે " એમ લેવું.

For Private And Personal Use Only